



# 2026માં યુદ્ધ નહીં થાય... પરંતુ વારંવાર યુદ્ધ જેવું વાતાવરણ થશે

જે ને દુનિયા નજરઅંદાજ ના કરી શકે એવી 2026 સાલ છે. કેટલીયે સીમાઓ પર એવો વળાંક લાવીને મૂકી દેશે કે જ્યાં એક નાની હલચલ પણ ભૂગોળ બદલી શકે છે. ગ્રહ સંકેત આપે છે કે, નવા વર્ષમાં તણાવ ફકત વધશે જ નહીં... પરંતુ કેટલીયે જગ્યાએ અચાનક ફાટી પણ શકે છે! ‘શનિ’નું ‘મીન રાશિ’માં હોવું તે સમુદ્રોને અસ્થિર બનાવે છે. ‘રાહુ કુંભ રાશિમાં બેસીને આકાશ અને ટેક્નિકલ ક્ષેત્રે ટક્કર વધારી રહ્યો છે અને ચાર ગ્રહણ તે ક્ષેત્રો પર સીધી ચમક નાખે છે. તેથી શાંતિ સૌથી નાજુક રહેશે. કહી શકાય કે 2026 યુદ્ધનું વર્ષ તો નથી, પરંતુ એવું વર્ષ જરૂર છે જેમાં દુનિયાનું એક ખોટું પગલું ઈતિહાસ બદલી શકે છે! આ યુદ્ધનો દાવો તો નથી જ પરંતુ 2026 જિયો પોલિટિક્સના પ્રભાવિત થવાથી સ્પષ્ટ સંકેત મળે છે કે, નવું વર્ષ એટલું શાંત નથી- જેટલું લોકો સમજે છે.




**2026: દુનિયાની બધી સીમાઓમાં શાંતિ રહેશે નહીં.**

વર્ષ 2026નું દુનિયાનું એવું વર્ષ છે કે, જ્યાં ‘અસ્થિરતા’ કોઈ એક મહાદ્વીપ સુધી સીમિત નહીં રહે. ગ્રહોનો દબાવ સીમાઓથી સમુદ્ર સુધી અને નેતૃત્વથી ટેક્નિકલ સુધી... દરેક સ્તર પર તણાવ વધતો જશે.

જ્યોતિષની ગણતરી યુદ્ધનો દાવો તો નથી કરતી પરંતુ એવું કહેવું પણ ખોટું નહીં હોય કે 2026 દુનિયાને સતત ‘એસ્કલેશન મોડ’માં રાખશે. તેની એક નહીં, પણ કેટલીયે જ્યોતિષની દૃષ્ટિએ નજરે પડે છે.

**સમુદ્રમાં હલચલ... દક્ષિણ ચીન સાગરમાં ચીનના નૌસૈનિકની હાજરી 2026માં તીખી રહી શકે છે!**

શનિનું મીન રાશિમાં હોવું સમુદ્રમાં હલચલ... બંદરો ઉપર ચિંતા અને વૈશ્વિક સપ્લાઈ લાઈન પર સીધો ખતરો દેખાય છે. શનિ 2026માં મીનમાં સ્થિર છે. મીન રાશિ એવી રાશિ છે જે સમુદ્રી વ્યાપાર, વૈશ્વિક લોજિસ્ટિક્સ, ઊર્જારૂટ અને માનવીય સંકટોને સીધા પ્રભાવિત કરે છે. એટલા માટે તે ક્ષેત્રો શાંત દેખાશે નહીં અને સમુદ્ર વર્ષ 2026નું સૌથી સંવેદનશીલ મેદાન બની જશે. કારણ કે સમુદ્રી રસ્તા ફકત વેપાર જ નથી કરતો... પરંતુ તે દેશોની અર્થવ્યવસ્થા, ભોજન, ઊર્જા અને સૈન્ય તૈયારીને નિયંત્રિત કરે છે... તેની અસર એવી થઈ શકે છે કે, કાળા સાગરમાં રુસ- યુક્રેનથી જોડાયેલી અનિશ્ચિતતા દુનિયાની ખાદ્ય સપ્લાયને ઝટકો આપી શકે છે... રેડ સી અને હોરમુજ પર કોઈ પણ સૈન્ય ગતિવિધિ તેલ-કિંમતોને સળગાવી શકે છે!

શનિ ગ્રહ મીન રાશિમાં હોવું તે કોઈ ખતરાથી ઓછું નથી. તે ‘સીધું યુદ્ધ’ તો નથી કરાવતું પરંતુ યુદ્ધ જેવી રણનીતિની સ્થિતિ ઊભી કરી શકે છે.

**સેટેલાઇટ, સાઇબર, ડ્રોનઃ 2026માં ખરો સંઘર્ષ જમીન પર નહીં... હવા-સ્ક્રીન પર થશે?**

કુંભ રાશિમાં રાહુ દુનિયાને ટેક્નોલોજી ક્ષેત્રે સામે લાવીને ઊભો કરી દે છે. કયો દેશ કોના પર નજર રાખશે... કોણ કોના ડેટાને નિયંત્રિત કરશે અને કોણ કોના હવાઈ ટ્રાફિકને અવરોધિત કરવાનો પ્રયાસ કરશે? ખરેખર 2026નું વર્ષ તેની વાર્તા હશે! ડ્રોન યુદ્ધનું વાતાવરણ વધશે. પછી તે પૂર્વી યુરોપ હોય કે મધ્ય-પૂર્વ... સેટેલાઈટ જામિંગ, જીપીએસ- ઈન્ટરફેરેન્સ જેવી ઘટનાઓ ઘણી વાર સાંભળવા મળશે. સાઈબર હુમલાથી દેશની વીજળી, બેન્કિંગ અને સૈન્ય કમાન સુધી પણ ખતરનાક થઈ શકે છે.

## ભારત માટે 2026નું વર્ષ ‘સતર્કતા’નું છે... ‘ભડકાવનારું’ નથી

NATO, QUAD, BRIC વગેરે સંગઠનોમાં વિશ્વાસ- અવિશ્વાસ... બંને વધશે, કારણ કે દરેક દેશ ટેક્નોલોજીનું પ્રભુત્વ ઈચ્છે છે. 2026ની ખરી યુદ્ધ ભૂગોળ એવું કહે છે કે નવા વર્ષમાં માટી નહીં, પરંતુ કલાઉડ, કમાંડ રૂમ, ફાઈબર-નેટવર્ક, હવાઈ સુરંગો અને સેટેલાઈટની કક્ષા દિશા નક્કી કરશે. સિંહ રાશિમાં બેઠેલો કેતુ નેતૃત્વની લડાઈ, સત્તાનો થાક અને રાષ્ટ્ર-અભિમાનનું રાજકારણનો સંકેત આપે છે અને સિંહ રાશિ કોઈ દેશની સેના કે અર્થવ્યવસ્થાથી વધારે તેનું નેતૃત્વ, પ્રતિષ્ઠા અને ઘોષણાઓને નિયંત્રિત કરે છે. કેતુ જ્યારે સિંહ રાશિમાં હોય તો શું શું અસર કરે છે? તે જાણવું આવશ્યક છે. કારણ કે 365 દિવસની હકીકત તેમાં છુપાયેલી છે. મોટા દેશોમાં નેતાઓ પર ભારે દબાણ, તીખાં મંતવ્ય સખત નીતિઓ અને કેટલીયે વાર કૂટનીતિઓને કારણે જોખમ ઉઠાવવાની પ્રવૃત્તિઓ પણ જોવા મળશે. જે વર્ષના અંતમાં કેટલીક પરિસ્થિતિઓ બદલતી પણ જોવા મળશે.

**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

શનિનું રાશિ પરિવર્તન ના થવું અને અન્ય ગ્રહોની સ્થિતિઓ એ પણ સ્પષ્ટ કરી રહી છે કે, મે-સપ્ટેમ્બર 2026ની વચ્ચે પ્રજા અને વિરોધી-બંને તરફથી દબાણ વધી શકે છે. કેટલાક દેશોમાં અચાનક ચૂંટણીની હલચલ, સત્તા પરિવર્તન કે આંતરિક અસ્થિરતા જોવા મળશે.

**દુનિયાનું મોટું તણાવ ક્ષેત્ર... 2026માં સૌથી વધારે હલચલ પણ અહીં થશે!**

રુસ-યુક્રેન- NATO: સંઘર્ષનો અગ્નિ પણ ઓલવાતો નથી તેનો ધુમાડો ફેલાય છે... જ્યારે પૂર્વી યુરોપમાં શાંતિ જોવા મળશે- એવું 2026નું વર્ષ નથી. શનિ-મીન રાશિમાં હશે જે કાળા સાગરમાં કોઈ પણ ઘટનાઓની અસર યુરોપ સુધી ફેલાવી રહેશે. રાહુ કુંભમાં ડ્રોન, લાંબા સમય માટે હથિયાર અને ટેક્નોલોજી યુદ્ધમાં વધારો થશે. કેતુ સિંહ રાશિમાં બેસીને નેતૃત્વ તરફથી દબાણ મજબૂત નિવેદનો અને ધીમી રાજદ્વારી પ્રવૃત્તિને ઉત્તેજિત કરશે. જેના કારણે યુદ્ધ તો નહીં થાય પરંતુ તે સંપૂર્ણ પરિસ્થિતિઓનું નિર્માણ કરશે. આવી પરિસ્થિતિઓ વારંવાર ઊભી થશે. 2026માં મિસાઈલ, દરિયાઈ દેખરેખ અને ડ્રોન પ્રવૃત્તિમાં વધારો થશે. નવા વર્ષમાં શાંતિ કરાર થવાની શકયતા ઓછી છે. મધ્ય-પૂર્વઃ ઈઝરાઈલ, ગાઝા, લેબનાન, ઈરાન હશે જે 2026નું સૌથી વિસ્ફોટક ક્ષેત્ર. આ ક્ષેત્ર 2026માં સતત વૈશ્વિક ચેતાવણી પર રહેશે, જેનું ચાર કારણ નજરે પડે છે.

- ફેબ્રુઆરી-માર્ચનું ગ્રહણઃ અચાનક ઉછાળ.
- ઓગસ્ટનું ગ્રહણઃ ફરીથી અસ્થિરતા.
- રાહુ કુંભઃ મિસાઈલ, ડ્રોન, ઈન્ટરસેપ્ટ જેવી ગતિવિધિઓ ઝડપી બનશે.
- કેતુ સિંહઃ નેતાઓનું આક્રમક નિવેદન અને સૈન્ય વિકલ્પ ખૂલો રાખશે, જેના કારણે સીમા પર તણાવ કેટલીયે વાર શિખર પર જશે. કોઈ પણ ખોટાં પગલાંની અસર આખા ક્ષેત્રમાં ફેલાશે. ઈરાન-ઈઝરાઈલ સંબંધો પર 2026 ભારે દબાણ થશે.

**ચીન-તાઇવાનઃ હવામાં તણાવ, દરિયામાં શકિતનાં પરીક્ષણો**

2026માં આ પ્રદેશ ‘ઘોષિત યુદ્ધ’ નહીં, પણ ‘અઘોષિત સંઘર્ષ’નું કેન્દ્ર બનશે, કારણ કે ગ્રહોના સંકેતો હવાઈ ક્ષેત્રમાં સતત ગતિવિધિઓ સૂચવે છે.

મીન રાશિમાં શનિ દક્ષિણ ચીન સમુદ્ર પર ચીની પકડને વધુ મજબૂત બનાવશે. દરમિયાન ગુરુનું ગોચર રાજદ્વારી અને લશ્કરી વ્યૂહરચના માટે નવી દિશાઓ નક્કી કરશે. નૌસેનાની હાજરી પણ તીખી રહેશે. અમેરિકા અને જાપાન પોતાની રક્ષણ નીતિ વધુ કડક કરશે.

**કોરિયા પ્રાય દ્વીપઃ પરીક્ષણોની સીરિજ અને દુનિયાનો શ્વાસ થંભી જનાર પળ**

રાહુ કુંભ આ ક્ષેત્રને ટેક્નોલોજી-ટક્કરમાં આગળ વધશે. વર્ષ 2026માં મિસાઈલ પરીક્ષણની ગતિ વધી શકે છે. જાપાન અને દક્ષિણ કોરિયા પોતાની રક્ષણ નીતિને વધુ કડક કરશે. પરંતુ અમેરિકાની હાજરી નિર્ણાયક રહેશે. આ એક એવો વિસ્તાર છે જે રાતોરાત હેડલાઈન બની શકે છે!

**ભારત-પાકિસ્તાનઃ આખું વર્ષ સંવેદનશીલ, પરંતુ...**

ભારત-પાક સીમા 2026માં યુદ્ધની દિશા લેશે કે ના તો પૂર્ણ શાંતિની. નવા વર્ષમાં સીમિત ઘટનાઓ બનવાનો સંકેત મળે છે. પાકિસ્તાન-અંદર અને બહાર- બંને તરફથી પડકારનો સામનો કરવો પડશે. એટલા માટે ક્રિયાની પ્રતિક્રિયા કરવાથી બચશે. પરંતુ પોતાની હરકતોથી પાછા નહીં પડે. એટલા માટે ભારત માટે 2026 ‘સતર્કતા’નું વર્ષ છે... ‘ભડકાવનારું’ નથી. ભારત-ચીનઃ- LAC કાયમી તણાવ રહેશે. આ મોરચો 2026માં વધશે નહીં અને પૂરો પણ નહીં થાય. આ એક ધીમી પરંતુ સ્થિર ખાઈની જેમ બનશે.

**2026ના હાઇ-ટેન્શન મહિના**

ફેબ્રુઆરી-માર્ચ 2026માં બે ગ્રહણ થશે, જેના કારણે વકતવ્યમાં વધારો થશે. દરિયાઈ માર્ગો તોફાની રહેશે. મધ્ય-પૂર્વ અને પૂર્વ યુરોપ નોંધપાત્ર દબાણનો સામનો કરશે. જ્યારે જુલાઈ-સપ્ટેમ્બરમાં શનિ પાછળ જશે. ત્યારે વૈશ્વિક નીતિઓ પર ફરીથી વિચારવામાં આવશે.

ઓગસ્ટમાં બીજું ગ્રહણ અણધાર્યા રાજકીય નિર્ણયો તરફ દોરી શકે છે. એશિયા-પેસિફિક ખાસ કરીને સંવેદનશીલ રહેશે.

ઓકટોબર-ડિસેમ્બર 2026માં નેતૃત્વ સ્તરે કઠીન નિર્ણયો જોવા મળશે. નવાં જોડાણો અને નવાં અંતર ઉભરી આવશે. ચીન-તાઈવાન અને મધ્ય પૂર્વમાં નિર્ણાયક વિકાસ શકય છે. 2026નું યુદ્ધનું વર્ષ નહીં હોય, પરંતુ તે વિશ્વને સ્થિર રહેવા દેશે નહીં. ગ્રહોનાં દબાણ અને વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિનું મિશ્રણ 2026ને એક એવું વર્ષ બનાવશે જેમાં વિશ્વ શાંતિ, રાજદ્વારી અને નિયંત્રણની કસોટીનો સામનો કરશે.

### લક્ષ્મી અને ભૌતિક સુખ આપનાર

# ઈન્દ્ર જાળ



ઈ ન્દ્રજાળ એક બહુ જ દુર્લભ, જાદુઈ અને રહસ્યમયી વનસ્પતિ છે; જે સમુદ્રોમાં શેવાળો મંગળની ખડક અને સમુદ્રના તળિયામાં ઘણે ઊંડે તે જોવા મળે છે. તેનો આકાર નસોની જેવી લહેરદાર લકીરોના રૂપમાં હોય છે. પ્રજાતિને અનુરૂપ કેટલીક નસોમાં મધ્ય સમસ્ત સ્થાન ખાલી રહે છે, તો કેટલીક નસોમાં ભરાવો પણ હોય છે.

તે લક્ષ્મી અને ભૌતિક સુખ આપનાર માનવામાં આવે છે. ભારતમાં જ્યાં તેને તંત્ર સાથે જોડીને જોઈએ છે. એ જ પશ્ચિમમાં તે માત્ર સજાવટની વસ્તુના કારણે ઘણી માંગ છે.

મિસ્રમાં તેને સુખ, સમૃદ્ધિ અને ઉન્નતિનું પ્રતીક માનવામાં આવે છે. માન્યતાઓ અનુસાર સિદ્ધ ઈન્દ્રજાળને પોતાની પાસે રાખવાથી નજરદોષ, ઉપરી બાધા, નકારાત્મક શકિતઓ અને જાદુ ટોણાનો પ્રભાવ વગેરેનો પ્રભાવ પૂરો થઈ છે. તેમાં પ્રબળ આકર્ષણશકિત રહેલી છે.

**ચંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

રવિ પુષ્ય નક્ષત્ર, નવરાત્રિ, હોળી, દીવાળી વગેરે શુભ સમયમાં ઈન્દ્રજાળ વનસ્પતિને મંત્રોથી અભિમંત્રિત કરી સાધક પોતાનાં કર્મ ક્ષેત્રમાં અને આધ્યાત્મિક ક્ષેત્રે આશા અનુરૂપ લાભ પ્રાપ્ત કરી શકે છે.

ઘરના મુખ્ય દ્વાર પર લગાડવાથી ઘરમાં નકારાત્મક શકિતઓનો પ્રવેશ થતો નથી અને વાસ્તુ દોષોનો પણ નાશ થયો છે. રોગી વ્યકિતએ દક્ષિણ દિશામાં લગાડવાથી મૃત્યુનો ભય રહેતો નથી જ્યારે ઉત્તરમાં લગાડવાથી આરોગ્યમાં લાભ થાય છે.

દુકાન કે વેપાર સ્થળમાં દક્ષિણ દિશામાં લગાડવાથી વેપારમાં ઉન્નતિ થાય છે.

## ઘરમાં, રોગીને, વાસ્તુમાં, વેપારમાં અને આરોગ્યમાં ઇન્દ્રજાળ કયાં કયાં મૂકવાથી ફાયદો થાય છે

તે આરોગ્ય ક્ષેત્રમાં તે જીવન પણ છે. અન્ય વનસ્પતિ યૌગિકોની સાથે મળીને તે લીવરના ગંભીર રોગો અને પુરુષોને પ્રોસ્ટેટ સમસ્યા તથા કેન્સર માટે અતિ ઉપયોગી ઔષધિ પણ છે.

જ્યાં સુધી બરાબર મુહૂર્તમાં અને બરાબર પદ્ધતિથી ઈન્દ્રજાળને સિદ્ધ કરવામાં ના આવે ત્યાં સુધી તેનાં શુભ ફળની પ્રાપ્તિ થતી નથી!

જે રીતે કોઈ પણ દેવી-દેવતાની મૂર્તિ, શ્રીયંત્ર, કુબેર યંત્ર, ગ્રહોનાં રત્નો ઈત્યાદિને વિધિપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા, મંત્રજાપ, હોમ, તર્પણ, માર્જન વગેરે જ્યાં જે જે જરૂરત હોય તે બરાબર રીતે ના કરવામાં આવે તો પૂર્ણ ફળની પ્રાપ્તિ અસંભવ છે.

દરેક ચીજ માટે અલગ અલગ મુહૂર્ત હોય છે અને તે જ મુહૂર્તમાં એ કામ કરવું જોઈએ. ફકત શુભ મુહૂર્ત કે ચોઘડિયાં જોઈ લેવાથી ઓછું થતું નથી.

### મુહૂર્ત

ઈન્દ્રજાળને સિદ્ધ કરવા માટે જે પ્રયોગ આપવામાં આવ્યો છે તેમાંથી આજે અમે તમોને એક પ્રયોગ બતાવી રહ્યા છીએ. દરેક એવા પ્રયોગ માટે નિર્ધારિત તિથિ, વાર, નક્ષત્રનો જ ઉપયોગ કરવો અનિવાર્ય છે. ઈન્દ્રજાળના પ્રયોગ માટે પૂનમ, પુનર્વસુ નક્ષત્ર, ગુરુવાર, અમૃત ચોઘડિયાં અને ગુરુની હોરા અતિ લાભકારક અને સિદ્ધિપ્રદ બતાવવામાં આવે છે.

---

### કિડનીના બધા રોગોમાં રાહત આપતો દાના ફિરંગ... કિડની સ્ટોન...

# મેલાકાઈટ સ્ટોન ખરેખર છે શું?

‘દા ના ફિરંગ’ને ‘કિડની સ્ટોન’ અથવા મેલાકાઈટ પણ કહે છે. આ એક સેમી પ્રીસિયસ સ્ટોન છે. તે કોપર કાર્બોનેટ હાઈડ્રોકસાઈડ મિનિરલ છે. જો કે તે ઉપરથી થોડોક દબાયેલો લીલા રંગનું રત્ન હોય છે. આ રત્ન સામાન્ય રીતે નામિબિયા, કાંગો, ફ્રાંસ, ચિલી, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં મળી આવે છે. આ રત્ન દેખાવમાં ઘણું સુંદર અને આકર્ષણ છે. તેમાં બનતી લીલા-સફેદ રંગની ધારીઓને જોઈને સરળતાથી ઓળખી શકાય છે. આ રત્ન ઓપેક આકારનો તથા વચ્ચે થોડોક દબાયેલો હોય છે.

‘દાના ફિરંગ રત્ન’ ઉપરત્ન હોવા છતાં પણ ઘણું અસરકારક રત્ન છે. તે એક પ્રકારની સમુદ્રી (દરિયાઈ) શેવાળ છે, જે જહાજોના તળિયે એકઠી થાય છે અને ધીમે ધીમે પથ્થરમાં થઈને કઠણ થઈ જાય છે. પ્રાચીન સમયથી તેનો ઉપયોગ ઔષધીય રીતે કરવામાં આવે છે. તેનો ઉપયોગ ઉપચાર (હીલિંગ થેરપી)માં થાય છે.



**સમસ્યા અને સમાધાન**
**વાય.જે.ટી.**

મેલાકાઈટ કેટલાયે ચિકિત્સીય ગુણોવાળો એક જાદુઈ પથ્થર છે. મેલાકાઈટને ‘કિડની સ્ટોન’ અથવા ‘કિડની રત્ન’ તરીકે ઓળખાયે છે. કારણ કે આ કિડનીની જુદી જુદી બીમારીઓમાં સારવાર અને રાહત આપે છે. મેલાકાઈટ અર્ધ-કિંમતી પથ્થરોમાંથી એક છે જેને કોઈ પણ પહેરી શકે છે અને તે પોતાને પહેરનારને કેટલાયે પ્રકારનો ફાયદો કરે છે. તે પોતાને પહેરવાવાળાને નકારાત્મક ઊર્જા અને દુર્ભાગ્યથી બચાવવાવાળા તરીકે પણ જાણીતો છે. પરંતુ સામાન્ય રીતે તેને ‘કિડની સ્ટોન’ તરીકે ઓળખે છે. મેલાકાઈટની સાથે સાથે સામાન્ય રીતે કેલ્સાઈટ, અજૂરાઈટ અને ગોએથાઈટ જોવા મળે છે.

**મેલાકાઇટ (કિડની સ્ટોન) રત્નના લાભ**

કિડનીની સમસ્યાઓને ઠીક કરવામાં પોતાના અસાધારણ ગુણોના કારણે... મેલાકાઈટ રત્નને કિડની સ્ટોનના રૂપમાં પણ વધારે જાણીતો છે. તે વિભિન્ન પ્રકારના ભૌતિક અને આધ્યાત્મિક ચિકિત્સીય ગુણ ધરાવે છે. કાચા મેલાકાઈટની જગ્યાએ પોલિશ કરેલો જ મેલાકાઈટનો ઉપયોગ કરવાની સલાહ અપાય છે કારણ કે કાચો મેલાકાઈટ ઝેરીલો હોય છે. સમૃદ્ધિ, પ્રચુરતા અને સૌભાગ્ય બધું મેલેકાઈટ રત્ન દ્વારા આવે છે.

- મેલાકાઈટ ઉંમર વધવાની સાથે માઈગ્રેન, માથાનું દર્દ અને યાદશકિતનાં નુકસાન રોકે છે. તેને પહેરવાથી યાદશકિત પણ વધે છે.
- કિડની સ્ટોન- કિડની અને લીવરને સારું કરવાની સાથે સાથે શરીરને રક્ષણ પણ આપે છે.
- કિડનીની સમસ્યાઓના ઉપચારમાં મેલાકાઈટ સ્ટોનનો પાઉડર પણ મદદ કરે છે. મેલાકાઈટ પાઉડરનો ઉપયોગ આજે કિડનીની સમસ્યાઓની સારવાર માટે કરવામાં આવી રહ્યો છે.
- દાના ફિરંગ સ્ટોન- જેને કિડની રત્ન પણ કહેવામાં આવે છે. આ સ્ટોન અન્ય ચીજો સિવાય સાંધામાં સોજો, ફ્રેકચર અને તૂટેલી માંસપેશીઓમાં પણ રાહત આપે છે.
- સ્ત્રીઓનાં પ્રજનન અંગોની બીમારીઓની સારવારમાં પણ કિડની સ્ટોન ફાયદાકારક છે.
- દાના ફિરંગ સ્ટોન- કિડની સ્ટોન માટે એક સામાન્ય ઉપનામ છે. તેનો માટી સાથે સંબંધ છે તેથી ગ્રાઉન્ડિંગમાં પણ મદદ કરે છે. મેલાકાઈટ બધાં ચક્રોને સ્વચ્છ અને સરખાં રાખે છે.
- મેલાકાઈટ રત્ન નિમ્ન/ખરાબ ઊર્જાઓની સાથે સાથે ગર્ભાવસ્થા અને પ્રસવ દરમિયાન રક્ષણ આપે છે.
- તે ખરાબ ઊર્જાઓને શોષી લેવામાં સક્ષમ છે.
- તે એક પ્રેમ-પ્યાર અને ભાવનાઓનો પથ્થર છે. એવું પણ માનવામાં આવે છે કે, મેલાકાઈટ સદ્ભાવ રાખીને સંબંધોમાં સુધારો પણ કરે છે.

**મેલાકાઇટ સ્ટોનના વિશેષ ગુણ**

- મેલાકાઈટ રત્ન સેલ ફોન અને એ પ્રકારનાં અન્ય ઉપકરણો જેવાનાં વિકિરણથી પણ બચાવે છે.
- મેલાકાઈટ રત્ન ઊડવાના ડરને દૂર કરે છે. એટલું જ નહીં, એવો દાવો કરવામાં આવે છે કે, કેબિન કર્મચારીઓ અને પાયલટો દ્વારા સુરક્ષિત ઉડાન માટે મેલાકાઈટ પથ્થર રાખવામાં આવે છે.

મેલાકાઈટ સ્ટોનની રિંગ કઈ આંગળીમાં પહેરવી જોઈએ?

સર્વોત્તમ પરિણામો માટે મધ્યમા આંગળીમાં મેલાકાઈટ રત્નની વીંટી પહેરવી જોઈએ. મેલાકાઈટ પથ્થરની કિંમત... જેને દાના ફિરંગ પથ્થર પણ કહે છે... તેના આકાર અને ગુણવત્તાના આધાર પર જુદી જુદી હોય છે. આ રત્નને ગળામાં પેન્ડલ સ્વરૂપે પણ ધારણ કરી શકાય છે.



**ખાસ કરીને જે ‘કિડનીના રોગીઓ’ હોય તેમના માટે આ સ્ટોન આશીર્વાદરૂપ અને રોગમાં રાહતરૂપ છે તેથી વહેલી તકે રોગને આગળ વધતો અટકાવવા તથા તેનું દુઃખ ઓછું કરવા વીંટી કે પછી ગળામાં પેન્ડલ અભિમંત્રિત કરેલું ધારણ કરવું જોઇએ. કુદરતે આપણને રોગ સાથે તેનું નિવારણ પણ કુદરતી બતાવ્યું છે.**